પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૫૬ | ૭ મે, ૨૦૧૭, રવિવાર ; વૈશાખ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# દિલ્હીની સ્કૂલમાં ગેસ લીક થતાં ૩૦૦ને અસર

**તમામ વિદ્યાર્થીનીઓને હોસ્પિટલ ખસેડાઇ : સ્કૂલ નજીક પડેલા કન્ટેનરમાંથી ગેસ લીક થયો : અરવિંદ કેજરીવાલ અને સિસોદિયા અસરગ્રસ્તોને મળવા પહોંચ્યા**



નવીદિલ્હી, તા. ૬

દક્ષિણ દિલ્હીમાં એક કન્ટેનરમાંથી ઝેરી ગેસ લીક થવાના પરિણામ સ્વરુપે નજીક આવેલી એક સ્કુલમાં અભ્યાસ કરતી ૩૦૦થી પણ વધુ વિદ્યાર્થીનીઓને અસર થતાં તેમને હોસ્પિટલમાં ખેસડવામાં આવી હતી. તમામ વિદ્યાર્થીનીઓની તબિયત સુધારા ઉપર હોવાનું જાણવા મળી રહ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ શહેર વહીવટીતંત્ર દ્વારા ચલાવવામાં આવી રહેલી રાની ઝાંસી સ્કુલ અને સરકારી સિનિયર સેકન્ડરી સ્કૂલની વિદ્યાર્થીનીઓને તરત જ અન્યત્ર ખસેડવામાં આવી હતી. આ વિદ્યાર્થીનીઓએ શ્વાસ લેવામાં તકલીફ અને આંખોમાં બળતરાની ફરિયાદ કરી હતી. દિલ્હી સરકારે આ સમગ્ર બનાવમાં તપાસનો આદેશ આપી દીધો છે. આઈપીસીની જુદી જુદી કલમો અને પર્યાવરણ સંરક્ષણ ધારાની કલમો હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી નડ્ડાએ તમામ પ્રકારની મદદ કરવા માટે તમામ કેન્દ્રીય સંચાલિત હોસ્પિટલને સુચના આપી છે. એમ્સની નિષ્ણાત તબીબોની ટીમ પણ

● અનુસંધાન પાન-૭ પર

# હંદવાડા-પુલવામામાં સુરક્ષા દળો પર પથ્થરમારો

**સુરક્ષા દળો અને વિદ્યાર્થીઓ વચ્ચે અથડામણ : વિદ્યાર્થીઓને અલગ પાડવા માટે લાઠીચાર્જ અને ટીયર ગેસના સેલ છોડાયા : સ્થિતિ ફરી એકવખત વિકટ બની**



શ્રીનગર, તા. ૬

ઉત્તર કાશ્મીરના હંદવાડા અને દક્ષિણ કાશ્મીરના પૂલવામામાં દેખાવકાર વિદ્યાર્થીઓ અને સુરક્ષા દળો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ સંઘર્ષમાં અનેક વિદ્યાર્થીઓને ઈજા થઈ હતી. છેલ્લા સમાચાર મળ્યા ત્યારે પણ જોરદાર અથડામણનો દોર જારી હતો. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, પુલવામા જિલ્લાના નેવા વિસ્તારમાં સરકારી ઉચ્ચ માધ્યમિક વિદ્યાલયના ડઝન જેટલા વિદ્યાર્થીઓએ સુરક્ષા દળોના અત્યાચારને લઈને વિરોધ પ્રદર્શનની શરૂઆત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, સુરક્ષા દળોએ દેખાવ કરી રહેલા વિદ્યાર્થીઓને અલગ પાડવા માટે બળનો ઉપયોગ કર્યો હતો. તમામ પ્રયાસ કરવામાં આવ્યા બાદ પણ વિદ્યાર્થીઓ દૂર થયા ન હતા. વિદ્યાર્થીઓએ સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કર્યો હતો. ત્યારબાદ લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. ટીયરગેસના સેલ છોડવામાં આવ્યા હતા. કુપવારા જિલ્લામાં હંદવાડા શહેરમાં પણ આજ પ્રકારના વિરોધ પ્રદર્શનનો દોર થયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીર સમસ્યાને માત્ર મોદી જ ઉકેલી શકશે : મહેબુબા

**મોદીને દેશના લોકોનું મજબૂત સમર્થન છે : નરેન્દ્ર મોદી જે કંઇ પણ નિર્ણય લેશે તે દેશના લોકોના હિતમાં હશે ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પાકિસ્તાન જવાની હિંમત પણ કરી શક્યા ન હતા : મહેબુબા મુફ્તી**

નવી દિલ્હી,તા. ૬

જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફતીએ આજે કહ્યું હતું કે, માત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ કાશ્મીર સમસ્યાનો સારીરીતે ઉકેલી શકે છે. કારણ કે તેઓ પ્રચંડ બહુમતી ધરાવે છે. સાથે સાથે તેમની અપીલ પણ સીધી રીતે અસર કરી શકે છે. ખુબ જ મુશ્કેલ સ્થિતિમાંથી જમ્મુ કાશ્મીરમાં બહાર કાઢવા મહેબુબા મુફતીએ વડાપ્રધાનને અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, કાશ્મીર સમસ્યાને કોઈ ઉકેલી શકે છે તો તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે. મોદી દ્વારા જે કંઈપણ નિર્ણય લેવામાં આવશે તેને દેશના લોકો સમર્થન આપશે. મહેબુબા મુફતીની આ પ્રતિક્રિયાને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે, હમે દલદલ સે કોઈ બાહર નિકાલ સકતા હૈ તો વહ પીએમ મોદી હૈ. વો જો ફૈંસલા કરેંગે મુલ્ક સપોર્ટ કરેગા. એક ફલાય ઓવરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યા બાદ લોકોને સંબોધતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, મોદી એક પછી એક નિર્ણય લેતા આવ્યા છે જેમની પ્રશંસા થઈ છે. ૨૫મી ડિસેમ્બર ૨૦૧૫ના દિવસે મોદીએ એકાએક લાહોર પહોંચી જઈને તમામને ચોંકાવી દીધા હતા. મુફતીએ કહ્યું હતું કે, આ મજબૂતી દર્શાવે છે. કોઈ નબળાઈ દર્શાવતી નથી. મહેબુબાએ એમ પણ

● અનુસંધાન પાન-૭ પર



# લખનૌમાં હવે સમાજવાદી સેક્યુલર મોરચાના પોસ્ટર

**શિવપાલ યાદવને અભિનંદન આપતા પોસ્ટરો : સામાજિક ન્યાય માટે જ સમાજવાદી સેક્યુલર મોરચાની : રચના કરી હોવાનો નારાજ શિવપાલ યાદવે દાવો કર્યો**

લખનૌ, તા. ૬

ઉત્તર પ્રદેશના જુદા જુદા



ભાગોમાં આજે સમાજવાદી સેક્યુલર મોરચાના પોસ્ટરો નજરે પડ્યા હતા. આ પોસ્ટરોમાં સમાજવાદી પાર્ટીના નેતા શિવપાલ યાદવને અભિનંદન આપવામાં આવ્યા છે. સાથે સાથે મુલાયમસિંહને પણ અભિનંદન આપવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશના પાટનગર લખનૌમાં આ પ્રકારના પોસ્ટરો આજે જોવા મળ્યા હતા. આ પોસ્ટરમાં મુલાયમસિંહ અને શિવપાલના ફોટાઓ મુકવામાં આવ્યા છે. સપા નેતા ઓમપ્રકાશ ઉર્ફે પટ્ટુ યાદવ દ્વારા પોસ્ટર મુકવામાં આવ્યા છે જેમાં પાર્ટીને અભિનંદન આપવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે, ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી પહેલાથી ચાલી રહેલા સમાજવાદી પાર્ટીમાં પારિવારીક વિખવાદના લીધે ગઈકાલે સમાજવાદી પાર્ટીમાં વિભાજન થઈ ગયું હતું. પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવના કાકા શિવપાલસિંહ યાદવે ધારણા પ્રમાણે જ નવી પાર્ટીની રચનાની ગઈકાલે જાહેરાત કરી હતી. શિવપાલસિંહ યાદવે સમાજવાદી

● અનુસંધાન પાન-૭ પર

## પોકમાં પાકિસ્તાનથી આઝાદ થવાના નારા

નવીદિલ્હી, તા. ૬

પાકિસ્તાની સરકાર અને તેમની આર્મીની સામે અત્યાચારોને લઈને પોકમાં જોરદાર વિરોધ પ્રદર્શનની શરૂઆત થઈ ચુકી છે. આજ ક્રમમાં અહીં હઝીરા કોલેજના વિદ્યાર્થીઓએ પાકિસ્તાની સરકાર અને સેનાના અત્યાચારની સામે જોરદાર દેખાવો કર્યા હતા. વિદ્યાર્થીઓએ પાકિસ્તાની સરકાર ઉપર આક્ષેપો પણ કર્યા હતા. પાકિસ્તાનથી મુક્તિની માંગણી કરવામાં આવી હતી. પોકમાં સ્વતંત્રતાના નારા ગુંજી ઉઠ્યા હતા. એક વિડિયોમાં હજીરા કોલેજના વિદ્યાર્થીઓ સ્વતંત્રતાના નારા લગાવતા સ્પષ્ટપણે નજરે પડે છે.

# હિંસા ભડકાવવા કટ્ટરપંથીઓને ISI તરફથી જંગી પૈસા અપાયા

**પાકિસ્તાન હાઇકમિશનર અબ્દુલ બાસિત સાથે પણ સીધા કનેક્શન : નવા તપાસ અહેવાલમાં ચોંકાવનારો ખુલાસો : આઈએસઆઈના મનીટ્રેલના કનેક્શન હુર્રિયત લીડર, અલગતાવાદી લીડર શબ્બીર શાહ, બાસિત સુધી**

નવીદિલ્હી, તા. ૬

પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ અલગતાવાદી નેતાઓને પૈસા આપીને ખીણમાં અશાંતિ અને રક્તપાતનું વાતાવરણ સર્જવાના પ્રયાસ કરી રહી છે. નવા અહેવાલમાં આ અંગેનો ચોંકાવનારો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. આઈએસઆઈના આ મની ટ્રેલના સંબંધ હુર્રિયત નેતાઓ, અલગતાવાદી નેતા શબ્બીર શાહ અને પાક હાઈકમિશનર અબ્દુલ બાસિત સાથે નિકળ્યા છે. તપાસ અહેવાલમાં આ અંગેનો મોટો ખુલાસો કરવામાં આવ્યો છે. એક અગ્રણી ટીવી ચેનલની તપાસમાં ચોંકાવનારા દસ્તાવેજો હાથ લાગ્યા છે. આનાથી જાણવા મળે છે કે, આઈએસઆઈ તરફથી આપવામાં આવી રહેલા પૈસાથી સૌથી વધારે ફાયદો અલગતાવાદી નેતા શબ્બીર શાહને થઈ રહ્યો હતો. આઈએસઆઈના અહેમદ સાગર મારફતે શબ્બીર શાહને ૭૦ લાખ રૂપિયા મળ્યા હતા. આ ઉપરાંત આઈએસઆઈ હુર્રિયતને પણ પોતાની ગતિવિધિ જારી રાખવા માટે પૈસા આપી રહી છે. શબ્બીરને જે પૈસા મળ્યા હતા તે પૈસા મારફતે

● અનુસંધાન પાન-૭ પર

## અંકુશ રેખા ઉપર પોક બાળકની ધરપકડ

જમ્મુ,તા. ૬

રાજોરીમાં અંકુશ રેખા પર પોકના ૧૨ વર્ષીય બાળકની ભારતીય સેના દ્વારા ધરપકડ કરવામાંઆવી છે. તેની પુછપરછ કરવામાં આવી રહી છે. સેનાના અધિકારીઓએ આજે સવારે માહિતી આપતા કહ્યુ હતુ કે ઘુસણખોરીના રૂટ પર તપાસ કરવા માટે ત્રાસવાદીઓની સાથે પાકિસ્તાની સેના દ્વારા આ બાળકને મોકલી દેવામાં આવ્યો હતો.

## ન્યુઝ ટ્રેક

### ઈસરોએ દેશી સંશાધનોથી તૈયાર કરી સોલર કાર



ઈન્ડિયન સ્પેસ રિસર્સ ઓર્ગેનાઈઝેશને હાલમાં એક સોલર હાઈબ્રીડ ઈલેક્ટ્રિક કાર તૈયાર કરી છે. દેશી સંશાધનોનો ઉપયોગ કરીને ડિઝાઈન કરાયેલી આ કારનું પ્રદર્શન તિરુવનંતપુરમના વિક્રમ સારાભાઈ અંતરિક્ષ કેન્દ્રમાં કરવામાં આવ્યુ હતુ.

### ઝારખંડ સરકાર પહોંચાડશે ૭૦ હજાર આદિવાસીને ભોજન



કુપોષણ અને ભૂખમરા સામે રક્ષણ પુરૂ પાડવા ઝારખંડની સરકારે એક વિશિષ્ટ યોજના ઘડી છે. સરકાર નબળી જનજાતિ જૂથના ૭૦ હજાર પરિવારો સુધી ભોજન પહોંચાડશે.

### ‘બાહુબલી’એ લીધુ હતુ ૨૦૦ કરોડનુ ઇન્શ્યોરન્સ કવર

બોક્સ ઓફિસ પર કમાણીના રેકોર્ડ સ્થાપનારી બાહુબલી-૨ ને જનરલ ઈન્શ્યોરન્સ કંપનીએ રૂ. ૨૦૦ કરોડનો વીમા કવર આપ્યો હતો.

### અર્નબ ગોસ્વામીની ચેનલનુ પહેલુ સ્ટીંગ લાલુ યાદવ મુશ્કેલીમાં



અર્નબ ગોસ્વામીએ રીપબ્લિક ન્યૂઝ ચેનલથી એન્ટ્રી કરી છે અને આવતા વેત જ ધમાકો કર્યો છે. ચેનલના દાવા મુજબ આરજેડીના પ્રમુખ લાલુ પ્રસાદ યાદવે દિલ્હીની તિહાર જેલમાં બંધ પૂર્વ આરજેડી સાંસદ મોહમ્મદ શાહબુદ્દીનથી નિર્દેશ લીધા હતા. આ મામલે લાલુપ્રસાદ મુશ્કેલીમાં મુકાયા છે.

STOCK MARKET LEADER REQUIRED FOR NEW OFFICE
Equity Dealer : 3, Front Office Asst : 2
1 to 3 Yrs. Experience
Deserving Candidate will get best salary package. Walk with full CV.
F-13, Meghmalhar, Sec-11,Opp.CNG Pump, G'nagar.
M. 99747 03401
Mail: bestboi123@gmail.com

M. 94267 85259
અરજન્ટ પાસપોર્ટ ફોટા
ફક્ત ૨ મીનીટમાં.
૧ કોપી સાથે ૧ ફ્રી
HARSH DIGITAL STUDIO
બી-૧૧૧, મયુર અટ્રીયા, છેલ છબીલા રેસ્ટોરન્ટની બાજુમાં, ખ-૦, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

જોઈએ છે
શ્રી ગુજરાત ગોપાલક કન્યા કેળવણી મંડળ સંચાલિત શાળા તથા છાત્રાલય માટે
(૧) એમ.કોમ. - બી.એડ્. (ઉચ્ચત્તર માટે)
(૨) બી.એસ.સી./એમ.એસ.સી. - બી.એડ્. (પ્રાથમિક માટે)
(૩) પી.ટી.સી.
(૪) પ્રી પી.ટી.સી.
(૫) P.G.D.C.A./B.C.A./MSC. IT/M.C.A. કોમ્પ્યુટર શિક્ષક
(૬) ગૃહમાતા (૭) ચોકીદાર
ઉપર મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોએ રૂબરૂ અતવા રજીસ્ટર એ.ડી.થી ૧૦ દિનમાં ઈચ્છિત વેતન સાથે અરજી કરો.
સ્થળ : ગોપાલક વિદ્યા સંકુલ
ગ-રોડ, જલભવનની બાજુમાં, સેક્ટર-૧૫, ગાંધીનગર

The world's a stage, and a competitive one at that. And we know you do not want your child to lose out on any opportunity to excel. Visit Little Angels' School today, and see how we transform and help each kid become an all-rounder – not just a book-reading geek or an enthusiastic sportsman or a lover of art. What's more, we let them live life to the fullest – involve them in adventure activities like flying in a single-engine aircraft, set the stage on fire with their talent and bond with classmates on weekly trips across the city. So, what are you waiting for?
Enroll Today!
Admissions open for
Play Group, Junior and Senior KG, Class 1 to 8



See you soon.
Little Angels' School
Address : 682/2, Govt Quarters, Sector-8, Gandhinagar.
Contact: 079 23245153 (9 am to 2 pm)

A1 CLASSES
YOUR EDUCATION...YOUR WAY...
GROUP / PERSONAL TUTIONS
CBSE/ GSEB (English Medium)
9-10th (MATHS/SCIENCE) 11-12 (BIO/MATHS) 11-12th (COMMERCE)
YOUNG FACULTIES WITH EXP. STARTS FORM 11th May-2017
Address : ANAMIKA ACADEMY
Sector 22-, Lalbhuvan Complex, Near Gh-6 Circle, Gandhinagar
8460666759 (Biology) 9722310302 (Maths) 9033398838 (Commerce)

જગ્યા ભાડે આપવાની છે
મોજે ગામ મોટા ચિલોડા - દહેગામ રોડ ઉપર પૂનમ બંગલોની બાજુમાં, આશરે ૧૫૦૦ ચો.મીટરની જમીન, ત્રણ દુકાન તથા થ્રી ફેઝ લાઈન સાથે ભાડે આપવાની છે.
સંપર્ક : નાનુભાઈ શર્મા
મો. : ૯૬૨૪૨ ૧૦૩૬૫